# EDIIએ 4 દાયકાની કરી ઊજવણી, ઉદ્યોગસાહસિકતા વિકાસ, શિક્ષણ, તાલીમ અને સંસ્થા નિર્માણના 40 વર્ષ કર્યા પૂર્ણ

TV9 GUJARATI | Edited By: Abhigna Maisuria Updated on: Apr 20, 2023 | 6:38 PM

==========================================================================

ઉજવણીના ભાગરૂપે સંસ્થાએ તેની 40-વર્ષની સફરનું દસ્તાવેજીકરણ કરતું પુસ્તક અને ઈડીઆઈઆઈના કાર્યના વિવિધ ક્ષેત્રો અને તેની સિદ્ધિઓને પ્રકાશિત કરતી એક ફિલ્મ રજૂ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત કારીગરો, ઇન્ક્યુબેટીઝ અને દિવ્યાંગોના પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું.




EDII completes 40 years

એક સીમાચિહ્નરૂપ ક્ષણમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ) એ સંસ્થાના કેમ્પસમાં આજે 20 એપ્રિલના રોજ ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, તાલીમ, સંશોધન અને સંસ્થાના નિર્માણના ચાર દાયકાની ઉજવણી કરી હતી. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આ ઊજવણીમાં મુખ્ય અતિથિપદે હતા. આ અગ્રણી સંસ્થાની સ્થાપના 1983માં આઇડીબીઆઇ બેંક, આઇએફસીઆઇ, આઇસીઆઇસીઆઇ બેંક અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) અને ગુજરાત સરકારના સમર્થનથી કરવામાં આવી હતી.

ઇવેન્ટનું ઉદ્ઘાટન આઇડીબીઆઇ બેંક લિમિટેડ અને ઈડીઆઈઆઈના એમડી તથા સીઈઓ રાકેશ શર્મા, ડો. મિલિંદ કાંબલે, ડો. શૈલેન્દ્ર નારાયણ, ડો. સુનિલ શુક્લા સહિત ઈડીઆઈઆઈ, સરકાર, કોર્પોરેટ અને શૈક્ષણિક ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું હતું.

### આચાર્ય દેવવ્રતે શું કહ્યું ?

આ પ્રસંગે આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, "ડિગ્રીનો અર્થ કૌશલ્ય અને યોગ્યતા નથી. ભારતમાં 60 ટકા યુવાનો પાસે ડિગ્રી છે પરંતુ આનાથી તેઓ બજારની માંગને પહોંચી વળવા સક્ષમ નથી. યુનિવર્સિટીઓ અને કોલેજો જે ડિગ્રીઓ આપે છે અને માર્કેટમાં કૌશલ્યની જરૂરિયાત છે તેની વચ્ચે મોટો તફાવત છે. પરંતુ તેનો અર્થ એ નથી કે

યુવાનો સર્જનાત્મક નથી. જો તેમને માર્ગદર્શન, સલાહ, પ્રશિક્ષણ, સહયોગ આપવામાં આવે તો તેઓ ખીલી શકે છે. તેમને નવીનતાઓ અને ટેક્નોલોજીકલ પ્રગતિ સાથે સંરેખિત કરવાની જરૂર છે જેથી તેઓ મજબૂત પ્રદર્શન કરી શકે."

તેમણે જણાવ્યું કે , "આ પ્રકારનું પ્લેટફોર્મ, જેની નવી શિક્ષણ નીતિ પણ પરિકલ્પના કરે છે, તે ભારતને પ્રગતિશીલ બનાવશે કારણ કે તેમાં કામ કરતી યુવા વસ્તીનો પણ ફાયદો છે. મને ખુશી છે કે અમારી પાસે ઈડીઆઈઆઈ જેવી સંસ્થાઓ છે જે તાલીમ અને પ્રેરણા દ્વારા આ દિશામાં પ્રયત્નોને પૂરક બનાવી રહી છે.

## રાકેશ શર્માનું નિવેદન

ભારતમાં મજબૂત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ પર ટિપ્પણી કરતા રાકેશ શર્માએ કહ્યું, "અમે ઉધોગસાહસિકતામાં વધતા વિશ્વાસ, વિદ્યાર્થીઓની નોકરી-શોધવાની માનસિકતામાંથી મુક્ત થવાની, નવીનતાથી વિચારવાની અને ટકાઉ સ્ટાર્ટઅપ્સ ઊભા કરવાની ઇચ્છા જોઈ રહ્યા છીએ. દર વર્ષે અમે ઈડીઆઈઆઈના પીજી અને અન્ય કાર્યક્રમો માટે નોંધણી કરાવનારા લોકોની સંખ્યામાં વધારો જોઈ રહ્યા છીએ. અન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓએ પણ આજે ઉધોગસાહસિકતા પર અભ્યાસક્રમો ઓફર કરવાનું શરૂ કર્યું છે અને તે ઉધોગસાહસિકતાને સભાન કારકિર્દી વિકલ્પ બનાવવા માટે ઈડીઆઈઆઈના યોગદાનની મુક્તકંઠે પ્રશંસા કરે છે."

## ડો. મિલિંદ કાંબલેનું નિવેદન

સર્વસમાવેશક વૃદ્ધિના મહત્વ પર ભાર મૂકતા ડો. મિલિંદ કાંબલેએ જણાવ્યું હતું કે, "ઉદ્યોગ સાહસિકતા સમાવેશી વૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે જે ભારતની જરૂરિયાત છે. સફળ ઉધોગસાહસિકતાનો અર્થ હંમેશા મોટા ઉધોગો અથવા નગરો અને શહેરોમાં ઉત્પાદન એકમો નથી હોતો, તેનો અર્થ ભારતના ગામડાંમાં રહેતા લોકો, હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકો, દિવ્યાંગો અને મહિલાઓ માટે તકો પણ છે. જો આમ થશે તો જ દેશ પ્રગતિ કરી શકે છે. ઉધોગસાહસિકતા લોકોને વૃદ્ધિમાં સામેલ કરવાની તક આપે છે. ઈડીઆઈઆઈ એ તેના હસ્તક્ષેપ દ્વારા આ દર્શાવ્યું છે."

## ડો. સુનિલ શુક્લાનું નિવેદન

પોતાના સંબોધનમાં ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, "ઉધોગસાહસિકતા શીખવી શકાતી નથી એવી દહેશત સેવાતી હતી તેવા સમયે ઈડીઆઈઆઈની સ્થાપના કરવામાં આવી હતી. 40 વર્ષ પછી જ્યારે આપણે ગુણવત્તા, વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મકતા માટે મૂલ્યવાન, વધુને વધુ આદરણીય બ્રાન્ડ બનેલા 'મેડ ઈન ઇન્ડિયા ટેગને જોઈએ છીએ, ત્યારે તે ખૂબ સારું લાગે છે.

ઈડીઆઈઆઈ એ ભારતીય ઉધોગસાહસિકોને અત્યાર સુધી ઉચ્ચ શિખર સુધી લાવવામાં ભૂમિકા ભજવી છે. ઉધોગસાહસિકતાને જે મહત્વ પ્રાપ્ત થયું છે અને સરકાર ઉધોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા પર જે ભાર મૂકી રહી છે તે જોતાં, તે દિવસ દૂર નથી જ્યારે ભારતને અગ્રણી ઉધોગસાહસિક અને સ્ટાર્ટઅપ ડેસ્ટિનેશનમાંના એક તરીકે ઓળખવામાં આવશે."

ઉજવણીના ભાગરૂપે સંસ્થાએ તેની 40-વર્ષની સફરનું દસ્તાવેજીકરણ કરતું પુસ્તક અને ઈડીઆઈઆઈના કાર્યના વિવિધ ક્ષેત્રો અને તેની સિદ્ધિઓને પ્રકાશિત કરતી એક ફિલ્મ રજૂ કરી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત કારીગરો, ઇન્ક્યુબેટીઝ અને દિવ્યાંગોના પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું.

https://tv9gujarati.com/gujarat/gandhinagar/edii-completes-40-years-of-entrepreneurship-development-education-training-and-institution-building-au14537-734521.html